

શુકુરબેક બેઈશેનાલીએવ

સાંભળીયું ગિદરડું

અઝીઝ

અઝીઝ એક ભરવાડનો દીકરો છે. શિયાળો હોય કે ઉનાળો એ તો ઊંચા ઊંચા પહાડોની ચરાઉ જમીનમાં જ રહે છે. છોકરાનો બાપ આખો દિવસ ઘેટાંની સારસંભાળ રાખે છે અને છોકરાની મા તંબુમાં બેઠી બેઠી ખાવાનું રાંધે છે અને ફાટેલાં લૂગડાં સીવે છે. સાંજ પડે ત્યારે મા ઘેટાંને રાતવાસા માટે વાડામાં પૂરવામાં મદદ કરે છે.

છેલ્લા ઘેટાને હમણાં જ વાડામાં પૂરી દેવામાં આવ્યું છે. છોકરાનો બાપ તંબુમાં આવે છે અને નાનકડા અઝીઝને ઊંચકી લઈને હવામાં ઉછાળવા લાગે છે.

"રહેવા દો! રહેવા દો! ક્યાંક પાડી દેશો છોકરાને!" મા ગભરાઈને બોલી ઊઠી.

બાપે હસીને જવાબ વાળ્યો: "ભરવાડનો દીકરો તો નીડર અને જોરાવર હોય. થોડા વખતમાં જ એ મોટો થઈ જશે અને પવનવેગે ઘોડો દોડાવશે, ખરેખરા ભરવાડની જેમ."

અઝીઝની માએ હાથ લાંબા કરીને એને બોલાવ્યો:

"આવ, મારી કને આવતો રહે!"

પણ અઝીઝને તો બાપ ભેગી ખૂબ મઝા પડી. બાપ કદાવર અને જોરાવર હતો. તેના રૂ ભરેલા ઝભ્ભામાંથી તાપણાના ધુમાડાની અને ઘેટાંની ઊનની મઝેદાર વાસ આવતી હતી.

એક દિવસ સવારે અચાનક જ બાપે કહ્યું:

"આજે હું અઝીઝને ચરાણમાં લઈ જાઉં છું."

"ના, હજી બહુ નાનો છે," મા ગભરાઈને બોલી.

થોડી વાર સામસામી દલીલો કર્યા પછી બન્નેએ એમ નક્કી કર્યું કે અઝીઝ જેની પાસે જાય એનું ધાર્યું થાય.

એટલે અઝીઝને તંબુની વચમાં બેસાડીને તંબુને એક એક છેડેથી બેઉ એને બોલાવવા લાગ્યાં:

"અઝીઝ, મારી કને આવતો રહે! અહીં આવ!"

અઝીઝે માની સામે જોયું—માના લંબાવેલા હાથ જોયા, અને મા કેવી વહાલભરી નજરે પોતાને જોઈ રહી છે એ પણ જોયું.

પછી એણે બાપની સામે જોયું અને પોતાની તરફ લંબાવેલો બાપનો પહોળો પંજો જોયો.

એનાથી રહેવાયું નહિ અને એ દોડતો બાપ પાસે પહોંચી ગયો.

"હું તને ઘોડે ચડતાં અને ઘેટાંની સારસંભાળ રાખતાં શીખવીશ," બાપે દીકરાને કહ્યું.

બાપદીકરો તંબુમાંથી બહાર નીકળ્યા. બાપે ઘોડા ઉપર સવાર થઈને અઝીઝને આગળ બેસાડયો. ઘોડો ચલાવતા અને ખુશખુશાલ વાતો કરતા બન્ને ઘેટાંના મોટા ટોળા તરફ જવા લાગ્યા.

પણ મા તો તંબુના બારણે ઊભી ઊભી બન્નેને જોતી રહી. પછી એણે એક દોણીમાં દૂધ ભર્યું, ભથરણામાં રોટી બાંધી લીધી, અને ભાતું ભેગું લઈને એ તો બાપદીકરાની પાછળ પાછળ ચાલી નીકળી.

અઝીઝ ભરવાડ બને છે

એક વાર ચરાણમાં જઈ આવ્યા પછી અઝીઝને બાપની ભેગા ઘોડા ઉપર બેસવા અને ઘેટાં ચારવા કરતાં વધારે પ્યારું જિંદગીમાં બીજું કંઈ જ નહોતું.

માની ભેગા તંબુમાં બેસી રહીને એણે ઘેટાં સિવાય બીજું કંઈ જ નહોતું જોયું, પણ હવે તો... લાવરીનું નાનકડું બચ્ચું માળામાંથી ડોકું બહાર કાઢે એમ બાપના ઝભ્ભામાંથી માથું બહાર કાઢીને અઝીઝ હવે તો મોટા જબ્બર ઘોડાની ઉપર પલાણના મખમલી કપડા ઉપર બેસતો.

ઘોડો એને આમતેમ ડોલાવતો. એને પારણા જેવું લાગતું. અઝીઝને એમ લાગતું કે પોતે હવે ખૂબ ઊંચો બની ગયો છે. પહેલાં હંમેશાં મનમાં બીક પેદા કરતા પહાડો પણ હવે એને એટલા બિહામણા નહોતા લાગતા. હવે પોતે પહાડોને નજીકથી જોઈ શકતો હતો એટલે એ તો એને ઊલટા ખૂબ સુંદર લાગતા.

ઝાડની ડાળીઓ ઉપર ઊગેલાં પાંદડાંને પોતે પહેલી વાર હાથ અડાડયો ત્યારે અઝીઝ ખુશીના આવેગમાં હાથ હલાવવા લાગ્યો અને બોલી ઊઠયો:

"જુઓ, જુઓ, ઝાડ!.. વાહ, કેવી મઝા!"

"આ ફરનું ઝાડ છે... આ બર્ચ.. આ જૂનિપર.. " બાપે જુદાં જુદાં ઝાડ અને છોડવાઓની દીકરાને ઓળખ પાડી.

"ફરનું ઝાડ... બર્ચ... જૂનિપર..." અઝીઝ પણ બાપના શબ્દો ફરી વાર ગણગણતો ગયો.

એને તો બધું એક જ વારમાં જાણી લેવું હતું. પણ એટલું જલદી એ સૌને ઓળખી લેવાનું કેવી રીતે બને!

ઘોડે બેસીને બાપદીકરો એક મોટી ભેખડ ફરતા જતા હતા ત્યાં અઝીઝે ખડકો ઉપરથી નીચે પડતો પાણીનો ધોધ જોયો. પાણી સફેદ ફીણના ગોટાઓથી છવાઈ ગયું હતું અને ધોધનો અવાજ ગાજવીજની જેમ હવામાં ગરજી રહ્યો હતો.

"આ પાણી જુઓ તો!" અઝીઝ જોરથી બોલી ઊઠયો.

બાપે ઘોડાને ઊભો રાખ્યો અને છોકરાના વાંકડિયા વાળ વિખેરતાં એણે હસીને કહ્યું:

"આને ધોધ કહેવાય."

અઝીઝે અજાયબીભરી નજરે બાપ સામે જોયું:

"ધોધ?"

"હા. ધોધ એટલે જોરથી પાણી પડે એ. જો, પણે ખડકો ઉપરથી પાણી પડે છે."

"ધોધ! ધોધ!" અઝીઝ મોટે અવાજે બોલી ઊઠયો પણ એનો અવાજ ધોધના ગરજતા અવાજમાં ડૂબી ગયો.

અઝીઝ અને એનો બાપ દરરોજ ઘોડા ઉપર બેસીને પહાડોમાં જતા. છોકરો દરરોજ કંઈ ને કંઈ નવું શોધી કાઢતો.



બાપની ગેરહાજરીમાં અઝીઝની બેચેની

હવે તો અઝીઝ સવારમાં બાપની ભેગો ઘોડે બેસીને ચાલ્યો જતો અને આખો દિવસ પહાડોમાં રહેતો. એની માને અઝીઝ ખૂબ યાદ આવતો પણ ધીરે ધીરે એ ટેવાઈ ગઈ. "છોકરાને તો બાપ જ વધારે ગમે," એણે મન મનાવી લીધું અને દુ:ખ હળવું કર્યું.

બાપ અને દીકરો સાંજે ચરાણોમાંથી ઘેટાં હાંકતા પાછા આવતા ત્યારે અઝીઝની મા સામે જતી. મા અઝીઝને તેડીને ઘોડા ઉપરથી નીચે ઉતારતી અને થાકેલા પણ હરખાતા છોકરાને તંબુમાં લઈ જતી. પથારીમાં પડતાં જ અઝીઝની આંખો મળી જતી અને નીંદરમાં એને ધોધનાં, ઊંચા પહાડોનાં નીલાં સ્પ્રૂસ ઝાડોનાં, અને ઘેટાંનાં સ્વપ્નાં આવતાં.

એક દિવસ એની માએ એને સવારમાં જગાડયો નહિ. અઝીઝ મોડો ઊઠયો અને બાપને સાદ પાડતો રડવા લાગ્યો. એણે દોડીને બાપની પાછળ પહાડોમાં જવાની હઠ લીધી.

માએ અઝીઝની સામે ભાતભાતની મઝેદાર ખાવાની ચીજો મૂકી અને એને વાર્તાઓ કહી સંભળાવી. પણ અઝીઝ એકનો બે ન થયો અને કહેતો જ રહ્યો:

"મારે બાપુ પાસે જવું છે! મારે બાપુ પાસે જવું છે!"

મા એને કોઈ પણ રીતે રાજી ન કરી શકી. એ દિવસ પછી મા એને રોજ સવારમાં વહેલો ઉઠાડતી અને બાપની જોડે પહાડોમાં જવા માટે એને તૈયાર કરતી.

"બાપુને બતાવી આપીશ કે હું મોટો થઈ ગયો છું!"

અઝીઝ સવારથી સાંજ સુધી આખો દિવસ બાપની ભેગો ઘોડા ઉપર બેઠો રહેતો અને ઘેટાં ચારવામાં બાપને મદદ કરતો.

ખરેખરા ભરવાડની જેમ એ તાપણા પાસે બેસીને ભાતું ખાતો અને ફરના ઝાડની નીચે પલાણ ઉપર માથું ટેકવીને પલાણના કપડા ઉપર સૂઈ જતો. એણે ઘણી નવી વાતો શીખી લીધી હતી. ખીચોખીચ ઘાસથી ભરેલાં પહાડી બીડોમાં માર્ગ કેવી રીતે કરવો અને વગડામાં ઊગતાં મશરૂમ તથા બીજાં ફળફૂલ-વનસ્પતિ કેવી રીતે ભેગાં કરવાં એ બધું એને આવડી ગયું હતું. હવે તો એને માથા ઉપર આકાશમાં ઊડતાં ગરુડપંખીઓની પણ બીક નહોતી લાગતી.

એક દિવસ અઝીઝ અને એનો બાપ હરિયાળા ઢોળાવ ઉપર બેઠા બેઠા ઘેટાંને ચરતાં જોઈ રહ્યા હતા. એમનો ઘોડો નજીકમાં જ ઊભો ઊભો થોડું થોડું ખડ ચાવી રહ્યો હતો. એકાએક બાપ ગભરાઈને ઠેકડો મારતો ઊભો થઈ ગયો.

"જો તો ખરો, ઘેટાં બહુ આઘાં ચાલ્યાં ગયાં છે!"

"હું પાછાં વાળી આવું છું! મને જવા દો! મને જવા દો!" અઝીઝ બોલી ઊઠયો અને એણે ઘેટાં તરફ દોટ મૂકી. એના મનમાં હતું: "બાપુને બતાવી આપીશ કે હું હવે મોટો થઈ ગયો છું."

ઘેટાં કોતરમાં વધારે ને વધારે નીચે ઊતરતાં ગયાં.

"એ... ઈ... એ... ઈ..." અઝીઝે ઘાંટા પાડયા અને દોડતો દોડતો એ મોટા ભૂખરા મેંઢાને આંબી ગયો. ઘેટાંના આખા ટોળામાં એ મેંઢો સૌથી મોટો હતો.

બાપ ટીંબા ઉપર ઊભો ઊભો બધું જોઈ રહ્યો હતો. દીકરાને મદદ કરતો જોઈને એનું હૈયું હરખાઈ રહ્યું હતું.

પોતાના આગેવાન ભૂખરા મેંઢાની પાછળ પાછળ ઘેટાં કોતરમાં વધારે નીચે ઊતરી રહ્યાં હતાં.

અઝીઝ ઘાંટા પાડતો એ ભૂખરા મેંઢા તરફ ધસી ગયો. છોકરાને જોઈને મેંઢાએ ડોકું ઊંચું કર્યું, કાન ફફડાવ્યા, અને જાણે કંઈ સાંભળ્યું જ ન હોય એમ એ ઘાસ ચરવા લાગ્યો. અઝીઝને ખીજ ચડી. એણે મેંઢાને કેટલાય ફટકા લગાવ્યા અને પછી એના કાન પકડીને એને પાછો વાળવાની કોશિશ કરી. મોટા ભૂખરા મેંઢાએ જોરથી માથું હલાવ્યું. આંચકો લાગતાં અઝીઝ પડી ગયો પણ તરત જ ઠેકડો મારીને ઊભો થઈ ગયો અને એણે બેઉ હાથ વડે મેંઢાની ઘાડી ઊન પકડી લીધી. અત્યાર સુધી ચુપચાપ ઊભો રહેલો મોટો ભૂખરો મેંઢો અચાનક ભડકીને એકદમ ભાગ્યો. અઝીઝ પણ એની પાછળ પાછળ ઘાસમાં ઢસડાયો. પણ અઝીઝે મેંઢાને છોડયો નહિ. એ તો મોટા ભૂખરા મેંઢાની ગરદને બાઝેલો જ રહ્યો. આખરે અઝીઝનું જોર ઓસરી ગયું અને એના હાથ મેંઢાની ગરદન ઉપરથી છૂટી ગયા. અઝીઝ ઘાસ ઉપર પડી ગયો.

મોટો ભૂખરો મેંઢો ઊભો રહી ગયો. એણે ડોકું હલાવ્યું અને પછી પોતાની તીણી ખરી વડે ઓચિંતી જ છોકરાના પગમાં લાત મારી. અઝીઝે ખીજે ભરાઈને ઠેકડો માર્યો. એનો ઈરાદો મોટા ભૂખરા મેંઢાને પકડી લેવાનો હતો પણ એ પોતાનો પગ જમીન ઉપર ટેકવી શક્યો નહિ. પછી એને માથામાં બધું ગોળ ગોળ ફરતું હોય એમ લાગ્યું અને એ ભોંય ઉપર ફસકાઈ પડયો.

દૂરથી આ બધું જોતાં બાપને ગભરાટ થયો અને એ દોડતો છોકરા પાસે પહોંચી ગયો. અઝીઝ બેભાન હાલતમાં ઘાસ ઉપર પડયો હતો. એના પગમાંથી લોહી નીકળી રહ્યું હતું...

બાપે નીચા વળીને હળવા હાથે અઝીઝને ઉપાડી લીધો અને એને છાતીએ ચાંપીને પાછો ઘેર પહોંચાડયો.

અઝીઝ સાજો કેવી રીતે થયો

અઝીઝને કેટલાય દિવસ સુધી પથારીમાં સૂઈ રહેવું પડ્યું. એની મા એની પથારીથી ક્યારેય આઘી જતી નહિ. પોતાના દીકરાની સારવાર કરતાં એને કોઈ રોકી શકે એમ નહોતું. દીકરા સારુ મા કુઉર્દાક, માન્તી, અને બેશબાર્માક* જેવી ખૂબ લહેજતદાર વાનગીઓ બનાવતી.

પણ એવી જિંદગીમાં અઝીઝનું મન નહોતું લાગતું. પથારીમાં પડ્યો રહીને એ કંટાળી ગયો હતો. એને તો બાપની જોડે ચરાણોમાં જવાનું મન થતું.

એક દિવસે સવારે અઝીઝ જાગ્યો ત્યારે એણે બાપુને પોતાની પથારી પાસે બેઠેલા જોયા. એણે તરત જ બાપુના હાથ પકડી લીધા અને આજીજી કરતાં બોલ્યો:

"મારે તમારી ભેગા જવું છે!.. ચાલો આપણે જઈએ!"

"વારુ, બેટા," બાપુએ કહ્યું, "હમણાં જ જઈશું. મા, જરા સાંભળ તો, આનાં કપડાં વગેરે ક્યાં છે?"

બાપ ઘોડા ઉપર સવાર થઈ ગયો અને આગળ એક નરમ તકિયો મૂકીને એણે અઝીઝને એની ઉપર બેસાડ્યો. પછી બન્ને રવાના થઈ ગયા... પણ આ વખતે રસ્તો ચરાણ તરફ ન જતાં બીજી જ દિશામાં જતો હતો.

"આપણે ક્યાં જઈએ છીએ?" અઝીઝે પૂછ્યું.

"ગામ તરફ," બાપે જવાબ દીધો અને ઘોડાને ઝટ હાંકી દીધો.

અઝીઝને એકાએક ખૂબ સરસ લાગવા માંડ્યું. એનો જખમી પગ પણ દુખતો મટી ગયો. કદાચ તાજી હવાને કારણે કે પછી વેગીલી ઘોડેસવારીને કારણે એમ થયું હશે.

બાપદીકરો ઘણી વાર સુધી ઘોડો દોડાવતા ખીણમાં નીચે ઊતરતા ગયા. આખરે તેઓ એક સરોવરના કાંઠે પહોંચ્યા. એ જગ્યાએ ઘણા બધા સફેદ તંબુ હતા. બાપ ઘોડા ઉપરથી નીચે ઊતર્યો અને અઝીઝને તેડીને એક તંબુમાં લઈ ગયો.

એ તંબુ તો એક દુકાન હતી. દુકાનમાં એટલી બધી અજબ ચીજો હતી કે જોઈને છોકરાની તો આંખો જ પહોળી થઈ ગઈ.

થડા ઉપર બેઠેલા આદમીને મોઢે મૂછો હતી અને માયાળુ ખુશાલ આંખો હતી. બાપદીકરો અંદર દાખલ થયા એટલે એ આદમી ઊભો થઈ ગયો અને એણે નરમાશથી આવકાર આપ્યો. અઝીઝના બાપે એ આદમીને કંઈક કહ્યું એટલે એણે હકારમાં માથું હલાવ્યું અને અઝીઝની તરફ મિચકારો કરીને એ દુકાનના પાછળના ભાગમાં ગયો.

થોડી વારમાં જ એ હાથમાં એક નાનકડો બ્રાઉન સૂટ અને બ્રાઉન બૂટ લઈને પાછો આવ્યો.

"આ લો, બેકિર!" દુકાનદારે કહ્યું. "બરાબર તમારા છોકરાને લાયક ચીજો છે!"

---

*કિરગિઝિયાની ખૂબ માનીતી સ્વાદિષ્ટ વાનગીઓ.

અઝીઝ તો આભો જ થઈ ગયો. એને થયું: આ બધું શું ખરેખર મારે માટે જ હશે?

એના બાપે મોં મલકાવ્યું અને ખીસામાંથી થોડાક પૈસા કાઢ્યા. પછી રકમ ગણીને એણે દુકાનદારને આપી.

"હવે આ ભાઈસાહેબ સારુ થોડીક મીઠાઈ તોળી આપો."

દુકાનદારે વળી પાછો અઝીઝ તરફ મિચકારો કર્યો અને થોડીક મીઠાઈ તથા સમોસાં વગેરે ત્રાજવામાં મૂક્યું. પછી એ બધું એણે કાગળની એક મોટી થેલીમાં ભરી દીધું અને થેલી છોકરાના બાપના હાથમાં મૂકી.

બાપદીકરો દુકાનમાંથી બહાર નીકળીને એક બીજા તંબુમાં ગયા.

બીજો તંબુ અઝીઝને વધારે ગમ્યો. આવો સાફસૂફ તંબુ એણે પહેલાં ક્યારેય નહોતો જોયો. વળી તંબુમાં ખુશબો પણ મઝાની હતી!

સફેદ ઝભ્ભો પહેરેલી એક તરુણી એમની સામે આવી. અઝીઝને થયું કે આ તરુણી જ દુકાનનું કામ સંભાળતી હશે. એ તો હવે શું ખરીદી થાય છે એ જોવા તલપી રહ્યો.

પણ હકીકત જુદી જ નીકળી. અઝીઝનો બાપ તરુણીના કાનમાં કશુંક ગણગણ્યો અને પછી મોટેથી બોલ્યો:

"ચાલ અઝીઝ, તને નવો સૂટ પહેરાવી જોઈએ!"

તરુણીએ અઝીઝને તેડીને એક રૂ ભરેલી અને સફેદ કપડું બિછાવેલી બેઠક ઉપર બેસાડ્યો. પછી એણે અઝીઝના બૂટ ઉતાર્યા.

એટલું થયું ત્યારે જ અઝીઝને સમજાયું કે આ તરુણી દુકાનદાર નથી પણ ડૉક્ટર છે.

બાપે છોકરાનાં કપડાં બદલાવ્યાં એ દરમિયાન તરુણીએ એના પગનો જખમ તપાસી જોયો અને જખમ ઉપર દવા લગાવીને પાટો બાંધી દીધો.

અઝીઝને પીડા થઈ પણ એણે ચૂં કે ચાં ન કર્યું.

"તું તો ખરો બહાદુર છો!" તરુણી બોલી અને હસી. "વારુ, હવે ઊભો રહેવાની કોશિશ કર, ડરતો નહિ!"

એણે અઝીઝને ઊભા રહેવામાં મદદ કરી અને પછી હળવેથી હડસેલો માર્યો.

અઝીઝ પડતો પડતો રહી ગયો. એના પગ ખૂબ કમજોર હતા. પછી એણે એક ડગલું ભર્યું, બીજું ડગલું ભર્યું... અને વળી એક ડગલું ભર્યું. થોડી મિનિટોની અંદર તો એ પગની પીડાને લગભગ સાવ ભૂલી ગયો.

સફેદ ઝભ્ભો પહેરેલી તરુણીએ એના બાપને થોડીક દવા આપી અને શું કરવું એ સમજાવ્યું.

"એક દિવસ મૂકીને બીજે દિવસે પાટો બદલાવતા રહેજો. થોડા વખતમાં ઠીક થઈ જશે."

"તને પાંસરો કરી દીધો ને, મોટા ભૂખરા!"

"થોડો વખત ખમી જા," અઝીઝના બાપે કહ્યું. "એ ભૂખરા મેંઢાને આપણે સીધો કરીશું."

અને અઝીઝે વાટ જોઈ. એના મનમાં બેચેની હતી. મોટા ભૂખરા મેંઢાને પાઠ ભણાવવાની એને તાલાવેલી હતી, પોતાના પગના જખમનો બદલો લેવા એનું મન ઉતાવળું થતું હતું.

અઝીઝ સાવ સાજો થઈ ગયો એટલે એક દિવસ એના બાપે એને કહ્યું:

"તૈયાર થઈ જા અને આજે મારી ભેગો ચાલ. માલિક કોણ છે એ વાત મોટા ભૂખરા મેંઢાના ભેજામાં ઉતારવાનો વખત પાકી ગયો છે."

ભીંતે લટકતો ચાબુક અઝીઝે ખેંચી લીધો અને એ બોલ્યો:

"એને બરાબર મેથીપાક આપીશ, ખરું ને બાપુ?"

બાપે ઠપકાના ભાવે માથું ધુણાવ્યું.

"ના. આપણે તો ફક્ત એના ભેજામાં એ વાત ઉતારવી છે કે અહીંયાં માલિક કોણ છે. પછી એ ડાહ્યોડમ અને ઢીલોઢસ થઈ જશે. તને બીક લાગતી હોય તો હમણાં જ કહી દે, તું આગળ જતાં પૂંઠ દેખાડે એ મને મંજૂર નથી."

"મને બીક નથી લાગતી," અઝીઝ બહાદુરીથી બોલ્યો પણ એનું દિલ જોરથી ધડકતું હતું.

બાપદીકરો તંબુમાંથી બહાર નીકળીને ઘેટાં તરફ ગયા.

ભૂખરા મેંઢાએ ચરવાનું બંધ કરીને અઝીઝ ઉપર મીટ માંડી.

અઝીઝ ઊભો રહીને જોવા લાગ્યો. એનો બાપ મેંઢા તરફ ચાલ્યો. એનો ઈરાદો મોટા ભૂખરા મેંઢાને પકડવાનો હતો પણ ભૂખરો મેંઢો ઠેકડો મારતો ખસી ગયો અને દૂર ભાગી ગયો. ભડકી ગયેલાં ઘેટાં ચોતરફ વિખેરાઈ ગયાં.

અઝીઝનો બાપ મોટા ભૂખરાને આંબી ગયો અને મેંઢાનો પાછલો પગ પકડી લઈને ઠેકડો મારતો એની પીઠ ઉપર સવાર થઈ ગયો. મેંઢો જંગલી ઘોડાની જેમ ઉછાળા મારવા લાગ્યો. એ એક તરફથી બીજી તરફ વાંકો વળવા લાગ્યો, એણે ઠેકડા માર્યા, એણે દોડ લગાવી. એણે વળ ખાધો અને કેટલીય વાર કૂદકા માર્યા. પણ ખૂબ અનુભવી ઘોડેસવારને એ હેઠો પાડી શક્યો નહિ!

પણ મેંઢો કંઈ ઘોડા જેવો તો ન જ હોય. થોડી વારમાં મોટા ભૂખરાનું જોર ઓસરી ગયું, એની દોડ થાકેલી થઈ ગઈ અને ધીમી પડી ગઈ. પછી અઝીઝનો બાપ મેંઢાને અઝીઝ પાસે લઈ ગયો અને અઝીઝને ઊંચકીને પોતાની પાછળ બેસાડતાં બોલ્યો:

"જો, મોટો ભૂખરો કાબૂમાં આવી ગયો છે. હવે એ આપણા હુકમોનો અમલ કરશે અને તું જ્યાં હાંકીશ ત્યાં જશે."

મેંઢાની સુંવાળી પીઠ ઉપર અઝીઝ વધારે આરામથી બેઠો અને પોતાના બૂટની એડીઓ એણે મેંઢાનાં બન્ને પડખાંમાં ખોસી.

"ચાલ રે ચાલ, મોટા ભૂખરા! ખીખી... ખીખી..!"

ઘોડાની સવારી કરતાં મેંઢાની સવારીમાં અઝીઝને વધારે મઝા પડી. મેંઢા ઉપર સવાર થયેલા અઝીઝે એને બીજાં બધાં ઘેટાં વચ્ચે બધે ફેરવ્યો. અચંબામાં પડી ગયેલાં ઘેટાં ડોકાં ઊંચાં કરીને જોતાં રહ્યાં.

મોટો ભૂખરો મેંઢો આખરે ઊભો રહી ગયો. જોરથી ચાલતાં શ્વાસ લેવામાં એને મુશ્કેલી પડતી હતી. ભીની થઈ ગયેલી એની ઊન ચમકારા મારતી હતી.

અઝીઝનો બાપ મેંઢા ઉપરથી સરકીને નીચે ઊતરી ગયો અને બોલ્યો:

"લે, મેંઢો હવે સાવ તાબે થઈ ગયો છે. હવે તું એકલો એની સવારી કરી શકીશ."

એ દિવસથી અઝીઝ હંમેશાં પોતાના જ "ઘોડા"— ભૂખરા મેંઢા ઉપર સવારી કરતો. એની ઉપર સવાર થઈને અઝીઝ ચરાણોમાં જતો અને પાછો ઘેર આવતો.

ઉનાળો વીતી ગયો. શરદના દિવસોમાં ઘેટાંને હાંકીને શહેરમાં લઈ જવામાં આવ્યાં. સૌથી છેલ્લે ભૂખરા મેંઢાને તોળવામાં આવ્યો.

એને જ્યારે દોરી જવામાં આવ્યો ત્યારે અઝીઝ બાપની પાછળ છુપાઈ ગયો અને રડવા લાગ્યો. પોતાના દોસ્તથી અળગા પડતાં એનું દિલ ખૂબ દુભાયું.

સામૂહિક ખેતરના અધ્યક્ષે, ખેતરના મેનેજરે, ઢોર-નિરીક્ષકોએ, સૌએ ઘેટાં જોઈને અઝીઝના બાપનાં વખાણ કર્યાં— ઘેટાં ખૂબ મોટાં અને જાડાં હતાં.

"એનો અરધો યશ મારા મદદગારને ફાળે જાય છે," અઝીઝના બાપે મોં મલકાવતાં કહ્યું, "અહીં આવ, બેટા, શરમા નહિ!"

અધ્યક્ષ કદાચ સમજી ગયો હશે કે મોટો ભૂખરો મેંઢો અઝીઝનો માનીતો હતો. અઝીઝની પાસે આવીને એનું માથું પંપાળતાં એમણે એના બાપને કહ્યું:

"બેકિર, કાલે તમે ઘેટાંનાં નવાં બચ્ચાં પસંદ કરી લેજો. અને થોડાંક બચ્ચાં અઝીઝને એની મેળે સંભાળવા દેજો. છોકરામાં ખરેખર ભરવાડનાં લક્ષણો છે!"

શિંગાળું ઘેટું

બીજે દિવસે અઝીઝના બાપે બધે ફરીને ઘેટાંનાં બચ્ચાં તપાસી જોયાં અને દરેક ટોળામાંથી કેટલાંક ડઝન બચ્ચાં પસંદ કરી લીધાં. પછી એ બધાંને લઈને બાપ પાછા પોતાને ઘેર ગયા. થોડા વખત પછી અઝીઝના બાપે અઝીઝને કહ્યું:

"જો બેટા. આ બધાંને આપણે ઉછેરીને મોટાં કરવાનાં છે. આવતે વરસે આ બધાં એક વરસનાં થઈ જશે અને એક કે બે વરસ પછી એ બધાં મોટાં ઘેટાં બની જશે. બધાંની ઉપર નજર ફેરવી લે અને તારે પોતાને માટે થોડાંક પસંદ કરી લે."

અઝીઝ ખુશ થઈને દોડતો ઘેટાંનાં બચ્ચાં પાસે પહોંચી ગયો અને આંગળીઓના વેઢા ઉપર ગણવા લાગ્યો.

બચ્ચાં સાવ ટચૂકડાં, કુમળાં, અને ગરીબડાં હતાં. એ બધાં બેં બેં કરતાં અઝીઝને ઘેરી વળ્યાં.

એમને માટે અઝીઝના દિલમાં અફસોસ પેદા થયો. એણે કહ્યું:

"બચ્ચાં ભૂખ્યાં છે. ચાલો, બધાંને ઝટ ચરાણમાં લઈ જઈએ!"

અઝીઝનાં માબાપ તંબુમાંથી બહાર નીકળી આવ્યાં. એમણે અઝીઝને મદદ કરી અને સૌ મળીને ઘેટાંનાં બચ્ચાંને ચરાણમાં લઈ ગયાં.

વસંતમાં વહેલાં જન્મેલાં સૌથી મોટાં બચ્ચાં આગળ ચાલ્યાં. એ બધાં ચરતાં શીખી ગયાં હતાં અને પોતે ક્યાં જઈ રહ્યાં છે એ જાણતાં હતાં.

પણ ટોળામાં બહુ નાનાં બચ્ચાં પણ હતાં. એ દૂબળાં અને કમજોર હતાં. નાનાં બચ્ચાં વારેઘડીએ બીજાંની પાછળ રહી જતાં અને બધો વખત બેં બેં કર્યા કરતાં.

અઝીઝે સૌથી નાનાં દસ બચ્ચાંને ટોળામાંથી નોખાં તારવ્યાં.

"આ બચ્ચાંને ચારવા લઈ જવાની જરૂર નથી. બધાંને હું ઘેરે જ ખવડાવીશ," એણે બાપને કહ્યું.

બાપે એને ઝટ છાતીએ ચાંપીને વહાલ કરી લીધું.

"તારે માટે એ જ સારું છે, અઝીઝ! સરસ ખ્યાલ છે! તારી મા અને હું બાકીનાં બચ્ચાંની સારસંભાળ રાખીશું અને આ ટચૂકડાં બચ્ચાંને તું તારી મેળે જ ઉછેરજે. ફક્ત આજે જ નહિ પણ હંમેશાં. કેમ, ગમશે ને?"

અઝીઝે ખુશ થતાં માથું હલાવીને હા પાડી. અને કહ્યું:

"બહુ સારું, હું તમારી જોડે હરીફાઈ કરીશ."

એ દિવસથી અઝીઝ પોતાનાં બાળઘેટાંને કદી રેઢાં મૂકતો નહિ. બધાંને એ તંબુની નજીક જ ખવડાવતો.

એક બચ્ચું અઝીઝને ખાસ પ્યારું હતું. એ બચ્ચું બરફ જેવું ધોળું હતું. ઘેટાંમાં એ સૌથી નમ્ર અને ચતુર હતું. અઝીઝે એનું નામ હિમદડો પાડ્યું. અઝીઝ ફક્ત એટલું જ પોકારે કે "હિમદડા! અહીં આવ, હિમદડા!" એટલે ધોળું બચ્ચું દોડતું એની પાસે પહોંચી જતું અને બીજાં બચ્ચાં પણ પાછળ પાછળ આવી પહોંચતાં.

દિવસો વીતતા ગયા. ઘેટાંનાં બચ્ચાં રોજ ઘાસ ચરતાં મોટાં થતાં ગયાં. બચ્ચાંના વજનમાં પણ વધારો થતો ગયો.

પણ એક નાનકડું બચ્ચું બીજાં બચ્ચાં જેટલું વધતું નહોતું. એ બચ્ચું ભૂખરા રંગનું હતું અને એને ટચૂકડાં વાંકડિયાં શિંગડાં હતાં. એ એક ભૂખરા બચ્ચા સિવાય બીજા કોઈ બચ્ચાને શિંગડાં નહોતાં. "કદાચ એ કારણે આ બચ્ચું આટલું દૂબળું હશે?.." અઝીઝને થયું.

અઝીઝને સમજ ન પડી કે એનું શરીર સુધારવા શું કરવું. એણે નક્કી કર્યું કે આ બાબતમાં બાપુની સલાહ લેવી.

એનો બાપ એક મોટી ભરેલી ગૂણ તંબુમાં લઈ આવ્યો.

"કમજોર અથવા માંદાં બચ્ચાં માટે આમાં ભરડેલા જવ છે. થોડાક તારા નાનકડા ભૂખરા બચ્ચાને ખવડાવ," એણે અઝીઝને કહ્યું.

અઝીઝે એક છાબડીમાં જવ ભરીને નાનકડા શિંગાળા બચ્ચાની સામે મૂક્યા પણ એણે ખાવાનો ઇનકાર કર્યો અને એ ખીજે ભરાઈને માથું ઉછાળવા લાગ્યું.

અઝીઝે એનાં શિંગડાં પકડીને એક મુઠ્ઠી જવ એના મોઢામાં ભરી દીધા.

નાનકડા શિંગાળા બચ્ચાએ જવનો સ્વાદ ચાખ્યો કે તરત જ એણે ડોક લંબાવીને છાબડીમાં મોઢું ઘાલી દીધું અને એ હોંશે હોંશે બાકીના જવ ચાવવા લાગ્યું.

બધા જવ ચટ થઈ ગયા ત્યાં સુધી અઝીઝ પોતાના પ્યારા બાળઘેટા પાસેથી ખસ્યો નહિ.

પછી એ નજીકના ઝરણામાંથી તપેલું ભરીને પાણી લઈ આવ્યો અને નાનકડા શિંગાળા બચ્ચાની સામે ધર્યું.

"આવ, પાણી પી લે! માંડ પીવા! મારે તને મારા હાથમાંથી ખાવાપીવાની ટેવ પાડવી છે."

નાનકડું શિંગાળું બચ્ચું તપેલામાં મોઢું નાખીને પાણી પીવા લાગ્યું.

"હિમદડા, અહીં આવ!" અઝીઝે ધોળા બચ્ચાને સાદ પાડયો.

હિમદડો ધીરે ધીરે નજીક આવ્યો.

એને કદાચ ભૂખરા બચ્ચાની અદેખાઈ આવી હશે. ઘાસમાં લંબાવીને તડકાની મઝા માણતા નાનકડા શિંગાળા બચ્ચા તરફ મોઢું કરીને હિમદડાએ શંકાભરી રીતે સૂંઘી જોયું. બીજાં બચ્ચાંએ પણ શિંગાળા બચ્ચા તરફ મોઢાં ફેરવીને નાકેથી શ્વાસ ખેંચ્યા.

અઝીઝે હાથ હલાવીને સૌને આઘાં ભગાડી મૂક્યાં.

"ભાગો અહીંથી! બીચારું નાનકડું શિંગાળું બચ્ચું આરામ કરે છે ત્યારે એને પજવો મા. એણે હમણાં જ ખાધું છે!"

બચ્ચાં ચાલ્યાં ગયાં અને નજીકમાં ચરવા લાગ્યાં.

થોડા વખતમાં જ ભૂખરા બચ્ચાએ ઘાસ ચરવાનું સાવ મૂકી દીધું. એને તો ફક્ત જવ અને રોટી જ ભાવતાં.

પણ અઝીઝ ખુશ હતો. પોતાનું પાળેલું બચ્ચું એને પ્યારું હતું. એ આખો દિવસ શિંગાળા બચ્ચા જોડે રમ્યા કરતો. એણે તો એ બચ્ચાને ઢીંક મારતાં પણ શીખવી દીધું.

ભૂખરું બચ્ચું વધીને ખૂબ મોટું અને જોરાવર થઈ ગયું. એનાં શિંગડાં પણ મોટાં થઈ ગયાં.

એક દિવસે આવું બન્યું. ચરતાં ઘેટાંની નજીક અઝીઝ ઘાસ ઉપર લંબાવીને પડયો હતો. અચાનક એને પાછળથી વિચિત્ર અવાજ સંભળાયો. એણે નાનકડા શિંગાળા બચ્ચાને એક કાળા બચ્ચા તરફ ધસી જતું જોયું. શિંગાળા બચ્ચાની સામે કાળું બચ્ચું ટકી શક્યું નહિ. એને શિંગડાં નહોતાં.

અઝીઝનું મન ખુશીથી ઊભરાઈ ગયું.

"વાહ રે બેટા શિંગાળા!" એ બોલી ઊઠયો. "તું તો મારાં ઘેટાંમાં સૌથી જોરાવર બનવાનું."

એણે એક બીજા બચ્ચાને પકડીને શિંગાળાની સામે ઊભું રાખ્યું અને બન્ને એકબીજાને ઢીંક મારે એવી કોશિશ કરી.

શિંગાળું બચ્ચું તરત જ સમજી ગયું અને એણે બીજા બચ્ચાને એટલા જોરથી ઢીંક મારી કે એ બીચારું આઘું ધકેલાઈ ગયું.

એક દિવસે અઝીઝના બાપે અનાજનો ખાલી કોથળો જોયો એટલે એણે દીકરાને કહ્યું:

"શિંગાળા બચ્ચાને જવ ખવડાવવાનું હવે બંધ કરી દે. એ તો બીજાં બધાં બચ્ચાં કરતાં મોટું થઈ ગયું છે. માંદાં બચ્ચાં માટે આપણને જવની જરૂર પડશે."

અઝીઝનાં ભવાં ચડી ગયાં.

"તો પછી તમે મને જવ આપ્યા જ શું કરવા? શિંગાળું બચ્ચું જવ ખાય એ તમને ન ગમતું હોય તો હું એને મારું ખાવાનું ખવડાવીશ."

અઝીઝની વાત એના બાપને ગમી નહિ પણ એને દીકરા જોડે દલીલમાં ઊતરવાનું મન નહોતું.

થોડા વખતમાં શિંગાળું બચ્ચું વધારે અવળચંડું બની ગયું. જે કોઈ બીજું બચ્ચું નજરે પડે તેને ઢીંક મારવા એ તૈયાર થઈ જતું. બધાં બચ્ચાંને એ ઢીંક મારતું. એક દિવસે એણે હિમદડાની ઉપર હુમલો કર્યો.

હિમદડાને લડવું નહોતું. એણે મદદની આશાએ અઝીઝ ભણી જોયું. પણ અઝીઝે તો શિંગાળા બચ્ચાની જ પીઠ થાબડી. હિમદડાએ અઝીઝનું નાનકડું ટોળું છોડી દીધું. એ જઈને અઝીઝના બાપની જોડે ચરવા જતાં બચ્ચાં ભેગું ભળી ગયું. એ કદી અઝીઝ પાસે પાછું ન આવ્યું.

શિયાળો આવતાં સુધીમાં તો શિંગાળું બચ્ચું બધાં બચ્ચાંમાં સૌથી વધારે જોરાવર અને હિંમતવાન બની ગયું. એને હવે કૂતરાં ઉપર તૂટી પડતાં પણ બીક નહોતી લાગતી.

શિંગાળું શિંગડાં ગુમાવે છે

એક દિવસે અઝીઝ શિંગાળા બચ્ચાને લઈને પાડોશી ભરવાડનાં ઘેટાં જોવા ગયો. ત્યાં એને પોતાનો દોસ્ત સુલ્તાન મળ્યો.

"તારી કને શિંગાળું ઘેટું છે? હોય તો એને મારા આ શિંગાળાને ઢીંક મારવાની કોશિશ કરવા દે," પોતાના પાળેલા ઘેટાને શિંગડાં વડે ઝાલી રાખતાં અઝીઝે બણગાં ફૂંક્યાં.

સુલ્તાને ડોકું ધુણાવીને ના પાડી.

"તારે એની ઢીંકની મઝા ચાખવી છે?"

"મને ઢીંક મારી શકે એમ હોય તો ભલે કોશિશ કરે," સુલ્તાન બોલ્યો.

"પછી રડવા બેસતો નહિ!" કહેતાં અઝીઝે ઘેટાને સુલ્તાન તરફ વાળ્યું અને બોલ્યો: "ઢીંક, શિંગાળા, લગાવ ઢીંક!"

શિંગાળું થોડુંક પાછળ હઠીને પછી જોરથી સુલ્તાન તરફ ધસી ગયું. સુલ્તાન હિમમાં પડી ગયો અને બરાડી ઊઠયો:

"રહેવા દે! બસ!"

અઝીઝે શિંગાળાને આઘે ભગાડી મૂક્યું અને સુલ્તાનને કહ્યું:

"કેમ? હવે તો માને છે ને કે એને ઢીંક મારતાં આવડે છે?"

"બેશક," સુલ્તાને હિમ ખંખેરતાં જવાબ આપ્યો. "શિંગાળાને લઈને કાલે પાછો આવજે. હું એને માટે બરાબર લાયક હરીફ ગોતી કાઢીશ. પછી આપણે એ બેઉને એકબીજાની સામે છૂટાં મૂકી દઈશું."

બીજે દિવસે સવારે અઝીઝનો બાપ ઘેટાંને ચારવા લઈ ગયો ત્યાર પછી અઝીઝ વળી પાછો શિંગાળાને લઈને સુલ્તાનને મળવા ગયો.

સુલ્તાને એને ઊભા રહેવાનું કહ્યું અને વાડામાં જઈને એક મોટા સફેદ મેંઢાને બહાર હાંકી લાવ્યો. મેંઢાને વળેલાં ભારે શિંગડાં હતાં.

અઝીઝે ડોકું ધુણાવ્યું.

"ના, ના! આ તો મોટો મેંઢો છે, અને મારું તો બીચારું હજી બચ્ચું છે."

સુલ્તાને દોડીને અઝીઝનો હાથ પકડી લીધો.

"ફિકર ના કર! સાચેસાચી ઢીંક તો આ મારી શકે એમ જ નથી, સાવ ઘરડો થઈ ગયો છે."

અને ખરેખર મેંઢો પણ ધીરે ધીરે આઘો ખસી ગયો. એને લડવું નહોતું.

"સૌ મારા શિંગાળાની સામે હારી જાય છે," અઝીઝને થયું. "કોને ખબર આ ઘરડા મેંઢાને એ કદાચ હરાવી પણ દે!"

એણે શિંગાળાને છૂટું મૂક્યું અને હાક પાડીને એને કહ્યું:

"ઢીંક, શિંગાળા! લગાવ ઢીંક!"

શિંગાળું સફેદ મેંઢા તરફ ધસી ગયું અને એણે મેંઢાના પડખામાં કેટલીય ઢીંકો મારી.

પહેલાં તો મેંઢાએ એની તરફ મુદ્દલ ધ્યાન ન આપ્યું. પણ પછી એને ખીજ ચડી. એણે પોતાની દુષ્ટ રાતી આંખો નાનકડા શિંગાળા ઉપર માંડી અને પોતાનાં મોટાં શિંગડાં નીચે નમાવ્યાં.

શિંગાળું પાછળ હઠી ગયું અને પછી છલંગ મારીને વાંકાં શિંગડાંવાળા મેંઢા ઉપર તૂટી પડયું. એણે મેંઢાને સખત ઢીંક મારી.

પણ એ જ પળે એનાં શિંગડાં મેંઢાનાં મોટાં શિંગડાંમાં ભરાઈ ગયાં. ગમે એટલી ભારે મહેનત કરવા છતાં એ બન્ને એકબીજાથી છૂટાં ન થઈ શક્યાં.

પછી તો મેંઢો સાચેસાચ ખૂબ ખીજે ભરાઈ ગયો. છોકરા મદદ કરવા પહોંચી શકે તે પહેલાં જ ઘરડો મેંઢો શિંગાળાને અદ્ધર હવામાં ઊંચું કરીને આમતેમ ફંગોળવા લાગ્યો. એક મોટો કડાકો થયો અને શિંગાળું એક તરફ ફેંકાઈ ગયું.

અઝીઝ પોતાના પાળેલા બાળઘેટા પાસે દોડી ગયો. શિંગાળું જમીન ઉપર પડયું હતું. એના માથામાંથી લોહી નીકળી રહ્યું હતું. એનાં શિંગડાં અદૃશ્ય થઈ ગયાં હતાં.

અઝીઝની આંખોમાંથી આંસુની ધારાઓ ફૂટી પડી. એણે સફેદ મેંઢાની સામે અને તેના માલિકની સામે ઘાંટા પાડયા, પણ એથી શું વળે?

જખમી બચ્ચાને પોતાને માથે લાદીને એને ઘેર લઈ જવું પડયું.

અઝીઝ આંસુભરી આંખો લઈને બાપ પાસે ગયો ત્યારે એને આવો જવાબ મળ્યો:

"બેટા, વાંક તારો જ છે. ઘેટાના બચ્ચાને ઢીંક મારવાનું શીખવવાની વાત તો દૂર રહી, તારે એને જરાય બગાડવું પણ નહોતું જોઈતું. એણે કદાચ તારી જ ઉપર હુમલો કર્યો હોત અને તને અપંગ બનાવી દીધો હોત. હવે રડ નહિ. ઊલટો રાજી થા કે તારું ઘેટું શિંગડાં વગરનું થઈ ગયું છે. એથી એને ફાયદો જ થશે. વળી હવે એ વધારે વશ રહેશે."

અઝીઝની મા તંબુમાંથી બહાર આવી અને ઘેટાના બચ્ચાને ઊંચકી લેતાં બોલી કે હું એને કાલથી જ મોટા ટોળા ભેગું ચારવા લઈ જઈશ.

"ત્યાં એ જલદી સાજું થઈ જશે. પણ હવે એ કદી ઢીંક નહિ મારે."

અઝીઝના બાપે દીકરાની પાસે જઈને એને ખભે હાથ મૂક્યો.

"મહેનત કરવાનો વખત આવી ગયો છે, બેટા. આજે આપણે ઘેટાંને નવા ચરાણમાં લઈ જવાનાં છે. તારાં ઘેટાં બધાંની ભેગાં ચાલી શકશે ને?"

"ચોક્કસ વળી," અઝીઝ બોલ્યો. "અને હવેથી હું એ સૌની ખરી સંભાળ રાખીશ, બાપુ! સાચું કહું છું!"

પ્યારા વાચકો,

પ્રખ્યાત સોવિયેત લેખક શુકુર્બેક બેઇશેનાલીયેવે આ વાર્તા લખી છે. લેખક કિરગિઝ છે અને કિરગિઝિયામાં વસે છે. કિરગિઝિયા સોવિયેત યુનિયનના દક્ષિણ ભાગમાં આવેલું એક પ્રજાસત્તાક છે. લેખકે બાળકો માટે અને મોટેરાંઓ માટે પોતાના વતન વિશે અનેક પુસ્તકો અને વાર્તાઓનું સર્જન કર્યું છે.

તમને આ વાર્તા ગમી?

તમારો અથવા તમારાં માતાપિતાનો અભિપ્રાય મેળવતાં પ્રગતિ પ્રકાશનને આનંદ થશે.

પ્રગતિ પ્રકાશન,
૨૧, ઝુબોવ્સ્કી બુલવાર,
મોસ્કો (સોવિયેત સંઘ)

અનુવાદક — અતુલ
ચિત્રકાર — ઇલ્યીના

ШУКУРБЕК БЕЙШЕНАЛИЕВ
РОГАТЫЙ ЯГНЁНОК
На языке гуджарати

પ્રગતિ પ્રકાશન